# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા : ૨૬/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વર્કરોને વેકસીન મૂકાવવા ચેમ્બર વિવિધ ઔદ્યોગિક સંગઠનો સાથે કો–ઓર્ડિનેશન કરશે તથા નવી સિવિલ હોસ્પિટલમાં વેન્ટીપેપ અને ફલોર કિલનિંગ મશીનની વ્યવસ્થા કરશે

**સુરત.** આજરોજ નવી સિવિલ હોસ્પિટલ ખાતે સુરત શહેરમાં સ્પેશિયલ નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવી રહેલા સુરત મહાનગરપાલિકાના પૂર્વ કમિશનર મિલિન્દ તોરવણે, જીઇબીના ઉચ્ચ અધિકારી યોગેશ ચૌધરી, નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાગિણી વર્મા, આરએમઓ ડો. કેતન નાયક, ચેસ્ટ વિભાગના વડા ડો. પારૂલ વડગામા સાથે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ દિનેશ નાવડિયા, પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતી, માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસી અને માનદ્‌ ખજાનચી મનિષ કાપડીયાની મિટીંગ મળી હતી. જેમાં સૌપ્રથમ ચેમ્બર દ્વારા નવી સિવિલ હોસ્પિટલમાં તબીબો, નર્સિંગ સ્ટાફ અને ચોથા વર્ગના કર્મચારીઓ માટે ત્રણ ટાઇમ નાસ્તા તથા પાણી અને છાશની તેમજ સ્મીમેર હોસ્પિટલમાં પાણી, છાશ અને જ્યુસની જે વ્યવસ્થા કરવામાં આવી છે તેની મિલિન્દ તોરવણેએ સરાહના કરી હતી.

મિલિન્દ તોરવણેએ ચેમ્બરને ૧લી મે, ૨૦૨૧થી શરૂ થનાર વેકસીનેશન ડ્રાઇવમાં જુદા–જુદા ઔદ્યોગિક એકમોમાં કામ કરતા વધુમાં વધુ વર્કરોને વેકસીન મૂકાવવા માટે તમામ ઔદ્યોગિક સંગઠનો સાથે કો–ઓર્ડિનેશન કરવા માટે અનુરોધ કર્યો હતો. વિવિધ ઔદ્યોગિક સંગઠનો વર્કરોને વેકસીન મૂકાવવા માટે વ્યવસ્થા ગોઠવશે અને તેનું કો–ઓર્ડિનેશન ચેમ્બર દ્વારા કરવામાં આવશે. તદ્‌ઉપરાંત નવી સિવિલ હોસ્પિટલમાં ૫૦ નંગ

વેન્ટીપેપની જરૂરિયાત હોવાથી તેને પણ પહોંચી વળવા માટે ચેમ્બર દ્વારા સહયોગ કરવામાં આવે તેમ તેમણે જણાવ્યું હતું. વેન્ટીપેપના ઉપયોગથી ઓક્સિજનનો વપરાશ ઓછો થાય છે. આ ઉપરાંત ફ્લોર ક્લિનિંગ મશીનની વ્યવસ્થા માટે પણ ચેમ્બરને અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ મિટીગમાં ચેમ્બર દ્વારા થોડા દિવસોમાં શરૂ થવા જઇ રહેલી ઓક્સિજન બેંક વિશે પણ વિસ્તૃત ચર્ચા થઇ હતી. મિલિન્દ તોરવણેએ રિફીલીંગ સેન્ટરની યાદી આપવા માટે ચેમ્બરને જણાવ્યું હતું અને કહયું હતું કે, એના માટે તંત્ર દ્વારા નોડલ ઓફિસર નિમવામાં આવશે. જેથી કરીને ચેમ્બરને ઓક્સિજન રિફીલીંગ માટે અગવડ નહી થાય. ઓક્સિજન બેંકનું ઓનલાઇન ડેશબોર્ડ બનાવવામાં આવ્યું છે. જેની ઉપર ઉપલબ્ધ બાટલાની માહિતી ઓનલાઇન જ મળી રહેશે અને પૂરતા પુરાવાને આધારે ઓક્સિજનના બાટલાનું વિતરણ કરાશે.